૧૯૯૪

"ગુજરાતના ખેરખાહ દોસ્ત"

(રા. સા. 'કીકાભાઈનું' ગત થવું.)

દોહરા.

જાણી કીકાભાઈમો, કાળ ભખ્યો આ વાર;
દીલગીરી આ દેહમાં, ઉપજી અપરમપાર. ૧
ઉત્તમ નીતિ આચરી, ઉત્તમ કીધું કામ;
ઉત્તમ જશ એ નામને, કહે કવિ ઉત્તમ આમ. ૨

લલીત છંદ.

અરર શું! થયું! આ અચાનકે,
રતન રે ગયું હાથથી શકે;
વિરહ દાહ દે દેશિ મિત્રને,
રઝળતાં કર્યાં બાળ અત્રને. ૩
ગુર્જરી પ્રજા પ્રેમી પરહરી,
સદન સ્ત્રી સગાં સ્નેહિઓ ધરી;
અરર ચાલિયા ચિત્ત ચચેરે,
"વરતમાન" હાં! સચન સાથરે. ૪
ચતુર વર્ષનું બાળ લાડકું.

સત્ય મિત્ર કીકાભાઈની મૈત્રિરૂપ તનમાર કાવનને સારૂ યાદ માંરહે એટલા સારૂ આ ગ્રંથ તેમના વિરહ દુખથી પીડીત થતા પરમ સ્નેહીભાઈ દીપાશંકર પ્રભાશંકર ખંભાતવાળાએ પોતાની મદદથી આલમને નજર થવા છપાવી પ્રસિદ્ધ કીધીછે.

એમનો જન્મ સંવત ૧૯૦૨ ની સાલમાં થયો. પોતે ૩૮ વર્ષની નાની વયમાં એટલે ચાલતા માસનીતા ૨૬ મી બુધવાર સાંજના તાવની માંદગીને લીધે પરલોક વાસી થયા. મરનાર

રૂદન એહનું કાન ના ધર્યું;
કરૂર કાં! થયા રે દયા તજી.
સબળ સાથિ હાં! ચાલિયા સજી. ૫
ગબરૂ બાળની હાય શી વલે,
હૃદય ફાટ હાં! રે રડી મરે;
કરમિ જાય આ ફુલ ગુલાબનું,
કર ગ્રહી વગે કો કરે સમું. ૬
વદન ઝાંખતું હાય આ કર્યું,
નજરના ઠરે વીલપે વર્યું;
તમ જતાં ખરે પ્રાણ ત્યાગશી,
અરરર હાયરે હાય શું થશી. ૭
દીલ દયા ધરો આમ કાં! ફરો,
દિન જનો તણો હાય છે મરો;
ઢળિ જતાં તમો ધીંગિ ઢાલડી,
વિલપિ વારૂ હાં! રે રડી રડી. ૮
પર વશી પડયાં ઓ! પુકારીએ,
મન કયમે કરી આજ વારિયે;
વિટળિ આ રહ્યાં બાળકાં રૂએ;
સમિપ તેડિકો દુખડાં ખુએ. ૯

ભલા, ભોળા, માયાળુ, સહનશીળ, ઉદાર અને બાહાદુર હતા. તેમણે પ્રજાહિતના અને ગરીબોના કામકાજો કરવામાં પોતાની બધી જીંદગી ગુજારી. ગુજરાતી, મરાઠી અને ઇંગ્રેજી એ ત્રણ ભાષા તેઓ જાણતા હતા. પ્રથમ બી.બી. એંડ સી. આઇ. રૈલવેમાં ઓડીટ ઓફીસમાં મરનારને નોકરી મળી ત્યાર બાદ મુંબાઇ મ્યુનીશીપાલેટીમાં નોકરી રહ્યા હતા. શીવાય કુમીસેરીએટ ખાતામાં પણ જે અરસામાં આબી શીની-

દિપુરિ બેલ હાં! દેશિ મિત્રની,
થઈ થશે ન મૈત્રિ વિચિત્રની;
સજળ નેત્રથી આંસુડાં ઝરે,
અરરર હે હરે હે હરે હરે. ૧૦
હસતું મુખડું શોકમાં શમ્યું.
રઝળતાં કરી કાં! જવું ગમ્યું;
ગમતુ ના થવુ જુદું કો! સમે.
વિસરિ ચાલિયા હાલતો કયમે. ૧૧
અબળ જાતિની દાઝ વિસરી,
નિજ પ્રિયા અરે રે કરી પરી.
ઉભય પૂત્ર પૂત્રિ શીશુ વયે,
વિસરિ ચાલિયા કોણ આસરે; ૧૨
જન સમુહ આ ગ્રામ વાસિયો,
નયન હાં! ભરે નીર ત્રાસિઓ!;
પરમ પ્યાર તે કેમ વિસરે,
દિલગિરી વધુ દીલરે પરે. ૧૩
પુરહિમાયતે આગળે પડી,
તન મને ધને સાહાતા કરી;
મદદ મ્હારથી ના ભુલાયરે,

પાગાં લડાઈ ચાલતી હતી ત્યારે તેમણે નોકરી કરેલી હતી પ-
છી તે નોકરી છોડી પોતે સુરતમાં બુક ડીપો કાઢી પારકાના તા-
બામાં રહી નોકરી કરવા કરતાં સ્વતંત્રપણે વેપાર ચલાવવા
માં એમની અતીશય પ્રીતી હતી. અને એથી કરી મરનારે
સંને ૧૮૬૯માં છાપખાનુ કાઢયું બાદ ૧૮૭૦માં ગુજરાતમીત્ર
વેચાણ લીધું. વેચાણ લેતી વખતે કંપની ઉભી કરીને તેમાં
સામેલ રહી કામ કરતા હતા પણ તેમાં જરા નજીવી જેવાં

જન સહુ વદે ત્રાહિ ત્રાહિરે. ૧૪
અમલદારથી વાજ આવિયા,
તમ થકી વધુ વારૂ ફાવિયા;
વિપત વેઠને દાણ દુભવે,
કર કહાડવા કો મથે હવે. ૧૫
દશા ડુબી ગઈ દેશિ મીત્રની,
સુરત વાસિની શીર છત્રની;
કરૂણ શીળ ઓ! સિંહ શા સખા,
તમ વિના હવે ક્યાં કહી વખા. ૧૬
ઉમળકો ધરી ક્યાં ઉચારિયે,
અરજ દાદ જે ક્યાં પુકારિયે;
દશા ફુટી ગઈ આપની ખરી,
નિડર હામી કો ક્યાં મળે ફરી. ૧૭
ભર સ્વતંત્રતા ન્યુસમાં ભરી,
જનહિત તાકે વાપરી નરી;

ગેર સમજુત થવાથી તે કુંપની સાથેનો પોતાનો સંબંધ સને ૧૮૭૭માં છોડયો ને બીજું છાપખાનું વસાવવા ઇરાદો કીધો પણ મી. મંછારામ કું.ની પાસેથી છાપખાનું અને ગુજરાત મીત્ર ખરીદ કીધાં અને પોતાની સાથે રા.સા. કીકાભાઇને જોડી લીધા. અને ભાગીદાર કીધા તે મરણ સુધી એમજ ચાલ્યું. લવાદ કોર્ટ સ્થાપવાની આગેવાની કરનાર પણ મરનારજ હતા અને તે કોરટમાં લવાદ તરીકેનું કામ પણ ધરમ દાખલ કરતા. મરનારને સારાં કામો કરવાની ઘણી હોંસ હતી અત્રે પ્રજા સમાજ નામની સભા સ્થાપન થઇ હતી તેના સેક્રેટરી પણ પાછળથી એજ થયા હતા. એ સભા પડી ભાગવાથી હિતવરધક સભા સ્થાપન કરીને તેના સેક્રેટરી પણ એજ થયા. શ્રાવકોના પાલીતાણાના બાગની આણંદજી કલ્યાણજીની પેહેડી ચલાવનાર

હરકતો સહી જોષ જુઝિયા,
સમ "કીકાભઈ" કો થશે થયા. ૧૮
પરગજુ પુની પીડતો હરે,
દીલ દયા વધુ દીનની ધરે;
ખસુસ લાગણી લેખિ લાયકે,
નથાં થયા હશે આ જગે શકે. ૧૯
પુરજને વધુ પ્યાર મેળવ્યો,
ગરવ મુકત થૈ ગુણ કેળવ્યો;
હરદમે રહ્યા હોંશ આદરી,
સમ "કીકાભઈ" ક્યાં મળે ફરી. ૨૦
સુરત સોચતી હાય શોકમાં,
નિજ હિમાયતી પેખી જોખમાં;
પટકી પિંડને પ્રાણ ત્યાગતી,
સમિપ જાણી હાં! આવી ભાંગતી. ૨૧
સકળ વસ્ત્ર રે શોકનાં ધર્યાં,

પર દેખરેખ રાખનાર મંડળી અમદાવાદમાં સ્થાપન થઈ તમાં સુરત તરફના પ્રતિનીધી મરનારજ હતા તથા દેશી કળા ઉતેજક મંડળી મરનારેજ ઉભી કરી તેના સેક્રેટરી થયા હતા. મ્યુનીસીપાલેટીની સંબતી સાલની ચુટણી વખતે પ્રજા તરફથી કમીશનર તરીકે ચુટાયા હતા. હિંદુ નિરાશ્રીત ફંડ માટે નાણાં ભેગાં કરી તેમાંથી આંધળા લુલાઓને કપડાં વહેચવામાં પણ મરનાર સામીલ હતા. આગ રેલ જેવી આફતો વખતે પ્રજાની સેવા બજાવવા કેડ બાંધતા વિગેરે અનેક સારા કામમાં ભાગ લેતા. એથી એમના પર એકાદ બે મંડળીઓનો અદેખાઈ થઈ અને સન ૧૮૭૮ માં સુરતમાં જ્યારે લાઇસન્સ ટેકસની બાબતમાં ફીતુર ઉઠ્યું ત્યારે તે ઉઠાવવાની ઉશ્કેરણી કરવામાં તે મંડળીઓએ મરનારને પણ સા-

અક્ષર ભૂષણો નીજનાં કર્યાં;
કથન કષ્ટિના ના કથાય રે,
રૂદન તો કરે નાખી હાયરે. ૨૨
વદન દીસતું હાય ઝાંખતું.
પુર-બજાર ચોકમાં ન કો છતું;
સહુ જને દીધી હડતાળરે,
અરર શું કર્યું ક્રુર કાળરે. ૨૩
ગુર્જરી પ્રજા શોકથી સ્તવે.
રામ "કોકાભાઈ" કયાં મળે હવે;
સરસ સ્નેહ માણી મિત્ર રે ગયા,
દશ દિશ દીસે ક્રુર કાળહાં! ૨૪
વિનય વાદમાં સત્ય ચાહના,
સબળ સંપથી નેકીમાં રહ્યા.
પળ પિછાની હાં! સાહ્ય આપતા,
તદપી કાં! ગયા ફેતરી છતાં; ૨૫
દીપન રાજ્યની આ રૂડી ઘડી,
ખચિત ખોટ તો આપની પડી;
નિડર ધુર્મીઆ ઓ વિના વગે,
"વરતમાન" થી હાં! જગે જજે. ૨૬
ગરજ ગુજરાત મિત્રથી સરી,
વિજયવાન હાં! કેમ વિસરી;
કથન કારમા લેખી લક્ષથી,

મીસ કીધા હતા જેથી સાડા ચાર માસનું કાચું કેદખાનું ભો ગવવું પડેલું છતાં જરા પણ હીમત છોડી નહોતી. મરનાર ઘણુંજ છટાદાર લખાણ લખતા. કેટલાક ગ્રંથો પોતે જોડી કાઢયા હતા અને કેટલાકના તરજુમા કરીને છપાવી પ્રસિદ્ધ કીધા છે ખત કમાલા લખવામાંતો મરનાર એકકોજ હતા. મરનારના સદગુણ લખવા માંડીએ તો એક મોટો ગ્રંથ થાય માટે અમે મરનારની નોધ આ બુકમાં માત્ર ટુંકમાં લીધી છે

કપટ કુમળો ટાળવા મથી. ૨૭
વિવિધ ભેદથી ભુર ભેદિયા,
સમુહ વ્હેમને નાસી ભેદયા;
હિત મહા વધુ નીજ દેશનું,
કુસમુળ કાઢિયું ક્રુર કલેશનું. ૨૮
સદન સંપને રે રહ્યા ઠરી,
સરળ ભાવથી નીતિ વિસ્તરી;
કુપથ કાપિયા જ્ઞાન આપીને,
વધુ સમારગે ફુડ સ્થાપીને. ૨૯
કલમ શસ્ત્રથી ક્રુર નાસિયા,
સજન સુજ્ઞ જે સુખિયા થયા;
નિડર નેહ તે નીતિથી ધર્યો,
સુજશ રે જપે જગ વિસ્તર્યો. ૩૦

સોરઠા.

પયો સુ જશ જગ આજ, કીરત કામ પ્રીયતેં કર્યાં.
દીપાશંકર દિલદાઝ, મિત્ર વિરહ દુખ વેઠીવું. ૩૧
મન ધરી મંછારામ, દુખદ પત્રિકા પાઠવાં;
તજી ખુશિ ખાવુ તમામ, મંદવાડ સુણી મીત્રનો. ૩૨
દેશીમીત્ર મુખ મ્લાન, કાળોતરી કળિ કારમો;
તજ્યા કીકાભઇ જહાન. મિત્રમરણ વાંચી રડયા. ૩૩
શેઠ મિયાજી ભાઈ, રડયા નુરૂદીન નેહવશ;
નગરશેઠ દુખદાઈ, શોકકરે ખંભાતિ જન. ૩૪
નેન વહે નીર ધાર, દીપાશંકર શોચે વધુ;
ફરી બેઠા કીરતાર, હણયો કૌસ્તુભ કીકાભાઈ. ૩૫

સોરઠની ગઝલ.

પ્રાણ સ્નેહિ મારા હો પંખિડા!
પ્રેમ બંધ તોડી ઉડે ક્યહાં? પ્રાણ!
હજુ સાંજ ઝાંખિ ઝઝૂમિના!
કાળિ મીણ શાત પડિ કહાં!

દિન ઉગ્યો જે ઝળ હળો!
રાગ-રંગ સંગ બિડી શું આ !!! પ્રાણ. ૧
હજૂ જોયું-સાંભળ્યું-ભોગવ્યું-
સુખ સ્વપ્નું નાહિં પૂરૂં થયું !
અમી ઘુંટડો ભર્યો ના ભર્યો !
પ્યાલો હાય અધર ઠર્યો શું આ !!! પ્રાણ ૨
આમ માડિ તારિ આ ટળવળે!
થતિ ખાંડ જોડિ એ વલવલે!
ફુમડાં શાં બંધુઆં બાહુઆં!
કકળે કો દિલ હિઝરાયહા !!! પ્રાણ! ૩
જાય જાય-શું તજી આ બધાં!
હેત ઘેલડાં તું જ લાડિલાં!!!
કાળ જાળજે આ પસારિરે!
બાળ ફાળ શાને ભરે તું હયાં!!! પ્રાણ! ૪
એક ડાળે આપણ ડોલતાં!
કહે કંઠ મેળવી બોલતાં!
વિખરાશે મંડળી તાહરી!
મુજ બેલડી તુટશે અહા!!! પ્રાણ! ૫
શમશેર જલદ તું માહરી !
સદાકાળ ઢાલ ધિંગી ખરી!
રણ રંગમા બેહુ ઝીલતાં!
હવે ઘુમવું પ્રભુ!! એકલાં!!! પ્રાણ! ૬

[મંછારામભાઈ.]

નડીઆદ સત્યસાગર પ્રેસ.